


દક્ષિણ ગુજરાતમાં ખેતીનું ગણિત બદલાયું, શેરડીના સ્થાને હવે ખેતરોમાં ‘સફેદ સોનું’ લહેરાશે, ખેડૂતોએ નીલગીરી પર પસંદગીનો કળશ ઢોળ્યો, ખેડૂતોનો શેરડીથી મોહભંગ થતાં ખાંડ ઉદ્યોગના પાયા હચમચ્યા

# સુગર મિલોના અસ્તિત્વ પર સંકટ

**શેરડી V/s નીલગીરી**

## નીલગીરીના પાકમાં ત્રણ વર્ષે 35થી 40 ટન ઉત્પાદન અને હાલમાં 8200 રૂપિયા પ્રતિ ટન ભાવ

બારડોલી: ખાંડના નીચા જતાં ભાવો અને સુગરમિલોમાં ખાંડનો જથ્થો મોટા પ્રમાણમાં વેચાયા વિનાનો પડી રહેતા શેરડી પકવતા ખેડૂતોને પોતાના પાકનું પૂરે પૂરું વળતર મળતું ન હોય દક્ષિણ ગુજરાતનાં ખેડૂતો હવે શેરડીના પાકની અવેજી શોધી રહ્યા છે. સરકાર પણ કપરી સ્થિતિમાંથી પસાર થઈ રહેલા ખાંડ ઉદ્યોગને મદદ કરવા ઠાગાઠૈયા કરી રહી છે ત્યારે ખેડૂતોએ તેના વિકલ્પ તરીકે અન્ય પાકો તરફ વળવાનું મન બનાવી લીધું છે. દક્ષિણ ગુજરાતનાં ખેડૂતો 12થી 14 મહિને તૈયાર થઈ રહેતા શેરડીની ખેતી સામે વધુ વળતર આપી શકે એવી નીલગીરીની ખેતી વધુ પસંદ કરવા લાગ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી શેરડીના ઓમળતા ખેડૂતોએ ઓછા ખર્ચે વધુ વળતર આપતાં નીલગીરીનાં વૃક્ષોની ખેતી તરફ વળવાની શરૂઆત કરી છે. જેના કારણે દક્ષિણ ગુજરાતની સુગરમિલોના અસ્તિત્વ સામે ખતરો ઊભો થયો છે.

ખાંડ ઉદ્યોગ ઘટી રહેલી ખેતી લાયક જમીન અને ઉત્પાદકતાને કારણે મુશ્કેલ પરિસ્થિતીમાંથી પસાર થઈ રહ્યો છે. પુરવઠો મળી રહ્યો ન હોય મિલો ચલાવવી પણ મુશ્કેલ બની છે. બીજી તરફ પોતાને ખેડૂતોની હામી ગણાવતી કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ ખાંડ ઉદ્યોગને મદદ કરવામાં ઉદાસીન જણાઈ રહી છે. ખાંડની એમએસપી વધારવામાં આવતી નથી. આથી મોંઘવારીમાં હવે ખેડૂતો નવા વિકલ્પની શોધ કરી રહ્યા છે. ખેડૂતોએ તેના વિકલ્પ તરીકે શાકભાજી ઉપરાંત ઓછા ખર્ચે વધુ વળતર આપે એવી નીલગીરીની ખેતી શરૂ કરી છે. 36 મહિનામાં તૈયાર થઈ જતાં આ પાકમાં મજૂરી અને ખાતર પાણીનો ખર્ચો નહીંવત હોય ખેડૂતો નીલગીરીની ખેતીમાં રસ દાખવી રહ્યા છે. નીલગીરીના લાકડાની માંગ કાગળ બનાવવા ઉપરાંત બાંધકામ ઉદ્યોગમાં વધુ રહેલી છે, સાથે તેના પાન ઔષધી તરીકે ઉપયોગમાં આવતા હોવાથી ઔષધિ ક્ષેત્રે પણ માંગ રહે છે. દક્ષિણ ગુજરાતમાં હવે ખેડૂતો નીલગીરીની ખેતી તરફ વળતાં આગામી દિવસમાં ખાંડ કારખાનાં માટે ખતરો ઊભો થવાની સંભાવના જોવાઈ રહી છે. જો સરકાર વ્હારે નહીં આવે તો ખૂબ જ ટૂંકા ગાળામાં દક્ષિણ ગુજરાતનો ખાંડ ઉદ્યોગ મૃતઃ પ્રાય અવસ્થામાં ધકેલાય જાય તેવી ભીતિ સર્જાય છે. દક્ષિણ ગુજરાતમાં આવેલી પેપર મિલો નીલગીરી ખરીદી કરતી હોય છે. એટલું જ નહીં હવે તો પ્લાઈ બનાવતી ફેક્ટરીઓ પણ નીલગીરીના પલ્પનો ઉપયોગ કરતાં નીલગીરીનું માર્કેટ ઊંચકાયું છે.



### શેરડીના પ્રમાણમાં ખર્ચ ઓછો

નીલગીરીની ખેતીમાં શેરડી કરતાં ખૂબ જ ઓછી મજૂરી અને ખાતરનો ખર્ચ થાય છે. સેગવાના ખેડૂત યોગેશભાઈ પટેલના જણાવ્યા મુજબ તેઓ પંદર વર્ષથી નીલગીરીની ખેતી કરતા આવ્યા છે. સુરત જિલ્લામાં તેમણે જ આ ખેતીની શરૂઆત કરી હતી. શેરડીની ખેતીમાં વીંઘા દીઠ બિયારણ, દવા, ખાતર, મજૂરી મળી દર વર્ષે રૂ.35થી 40 હજાર ખર્ચો થઈ જાય છે. જ્યારે નીલગીરીની ખેતીમાં સમગ્ર પાક દરમિયાન એટલે કે ત્રણ વર્ષ દરમિયાન બિયારણ સાથે માત્ર રૂ.20 હજાર જેટલો ખર્ચ થાય છે. 80 ટકા જેટલો નફો રળી શકાય છે. આ પાક ત્રણ વખત લામ લઈ શકાય છે. જેના કારણે ખર્ચમાં વધુ ઘટાડો થઈ શકે છે. હાલમાં આજની તારીખે ટન દીઠ રૂ.8200 રૂપિયા ભાવ ખેડૂતોને મળી રહ્યો છે. શેરડીનું એકર દીઠ ઉત્પાદન સતત ઘટી રહ્યું છે. હાલમાં માંડ 20થી 22 ટન શેરડીનું સરેરાશ ઉત્પાદન થઈ રહ્યું છે. જ્યારે અહીં વીંઘે 36ટી 40 ટન નીલગીરીની ઉપજ થતાં ખેડૂતના ખાતામાં સીધા પૈસા આપી શકાય છે.

## કોલેજ કેમ્પસ કે ચોર બજાર?: બારડોલીમાં પરીક્ષા ખંડ બહારથી જ ફોન ગાયબ

બારડોલી: સ્થાનિક પી.આર.બી. આર્ટસ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજમાં પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ તસ્કરોના નિશાને આવ્યા હોય તેવું લાગી રહ્યું છે. પરીક્ષા ખંડની બહાર મૂકેલી બેગમાંથી કીમતી મોબાઈલ ચોરાવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે.

આ ઘટના અંગે મળતી વિગત મુજબ, કપુરા ગામની રહેવાસી અને કોલેજમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષીય વિદ્યાર્થિની સ્વેતલ સુનિલભાઈ ગામીત ગત તા,૧૧ એપ્રિલના રોજ કોલેજમાં પરીક્ષા આપવા આવી હતી. પરીક્ષાના નિયમ મુજબ તેણે પોતાની બેગ ક્લાસ રૂમ નં.૧૧ની બહાર મૂકી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ તપાસ કરતા બેગમાં રાખેલો આશરે ૧૬,૦૦૦ રૂપિયાની મોબાઈલ ગાયબ જણાયો હતો. કોઈ અજાણ્યો ચોર ઈસમ તકનો લાભ ઉઠાવી વિદ્યાર્થીનીનો ફોન ચોરી કરી નાસી છૂટ્યો હતો.

વિદ્યાર્થિનીએ આ અંગે ગત રોજ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબ ગુનો દાખલ કર્યો છે. આ ચોરીમાં અન્ય વિદ્યાર્થીઓના પણ મોબાઈલ ફોન ચોરાયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. કોલેજ પરિસરમાં બનેલી આ ઘટનાને પગલે સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોસમાડા પાસે ટેમ્પોમાં અચાનક આગ લાગી


વિશાલ પટેલ

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશ અને હાલ સુરત પરવટ પાટિયા પાસે આનંદી હાઈટ્સમાં ફ્લેટ નં.204માં રાજીવગીરી નર્મદાગીરી રહે છે. 20 દિવસથી પલસાણાના જોળવા નજીક રહેતા મિત્ર જમુનાધર પાંડેના ટાટા ઈન્ટ્રા ટેમ્પો નં.(જીજે 19 ઝેડ 3767) પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. પાંચ દિવસ અગાઉ પરવટ પાટિયા પાસે ભાડાની રાહ જોઈને ઊભા હતા. દરમિયાન કામરેજના માંકણા ગામનું ભાડું મળતાં રાત્રે આશરે 8.30 કલાકે કોસમાડામાં પેટ્રોલ પંપ નજીક સુરતથી વલથાણ જતાં રોડ પર ટેમ્પોના ડેસબોર્ડમાંથી ધુમાડો નીકળવા લાગતાં રોડની સાઈડમાં ઊભો રાખી પાણી નાંખી આગ બુઝાવવાનો પ્રયાસ કરવા છતાં પણ કાબૂ ન આવતાં આખરે ફાયર વિભાગને જાણ કરવા આગ પર કાબૂ મેળવ્યો હતો. જે અંગે રાજીવગીરીએ કામરેજ પોલીસમાં અકસ્માત આગ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

### વાડી ગામ પાસે કાર અડફેટે બાઇકસવાર દંપતી ઘાયલ

વાંકલ: ડાંગ જિલ્લાના વઘઈના ઢાઢરા ગામના વતની સુનીલભાઈ દિનુભાઈ રાબડે (ઉં.વ.24) તેમની પત્ની ગીતાબેન સાથે બાઇક નં.(GJ-30-C-0196) પર ભરૂચના પણેઠા ગામથી પરત ફરી રહ્યાં હતાં. રાત્રિના આશરે 10થી 11 વાગ્યાના અરસામાં વાડી ગામના બસ સ્ટેશન પાસેના ત્રણ રસ્તા પર સામેથી આવતી એક કાર નં.(GJ-15-CA-1005)ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારતાં સુનીલભાઈ અને તેમની પત્ની ગીતાબેનને ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્તોને પ્રથમ ઝંખવાવ અને ત્યારબાદ વધુ સારવાર માટે વ્યારા સિવિલ હોસ્પિટલ ખસેડ્યાં હતાં. ઉમરપાડા પોલીસે આ મામલે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ચૌધરી કરી રહ્યા છે.

### દરજી જ્ઞાતિ સેવામંડળના ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારોની બિનહરીફ વરણી

કડોદ: સુરત, નવસારી, વલસાડ, ડાંગ તથા તાપી જિલ્લામાં વતની એવા ગામડિયા દરજી તરીકે ઓળખાતા દરજી જ્ઞાતિ જનોની ૮૨ વર્ષ જૂની સંસ્થા દરજી જ્ઞાતિ સેવા મંડળ, નવસારીના આગામી ત્રણ વર્ષ માટેના ટ્રસ્ટીઓ બિનહરીફ ચુંટાયા બાદ હોદ્દેદારોની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ટ્રસ્ટ બોર્ડની ૨૫ બેઠકની ચૂંટણી જાહેર થતા હેમંત ટેલરની પેનલના ૧૮, પ્રિતેશ ટેલર તથા બંકિમ ટેલરની પેનલના ૨૪ તથા ૧ અપક્ષે ઉમેદવારી નોંધાવી હતી. પ્રિતેશ ટેલર, બંકિમ ટેલરની પેનલે માંડવીથી વાપી અને ઓલપાડથી ધરમપુર સુધી પ્રચાર કર્યો હતો, પરંતુ હેમંત ટેલરની પેનલના ઉમેદવારો ચૂંટણીમાંથી ખસી જતાં ચૂંટણી બિનહરીફ થઈ ગઈ છે. નવા ચુંટાયેલા ટ્રસ્ટીઓની પ્રથમ બેઠક મળી હતી, જેમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. પ્રમુખ-પ્રિતેશ ટેલર ઉપપ્રમુખો-અજય ટેલર (એડ્વોકેટ) તથા જયેશ ટેલર, મંત્રીઓ ભરત દરજી તથા કિશોર ટેલર અને ખજાનચી-બંકિમ ટેલર તેમજ વિવિધ સમિતિના કન્વીનરોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

### વસરાઈમાં ડો.બાબાસાહેબની જન્મજયંતી ઉજવાઈ


સલીમ દિવાન

ભોરિયા: અંબિકાના વસરાઈમાં દિશા ફાઉન્ડેશન હોલ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકર જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. દિશા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ચાલતા જાહેર પરીક્ષાઓના ક્લાસમાં ગત સાલના ૨૬ વિદ્યાર્થીને નોકરી મળતાં સન્માનનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સન્માન પ્રસંગે એમ.એસ.પટેલ-વ્યારાના પ્રિન્સિપાલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે તુષારભાઈ, કમલેશભાઈ, યોગેશભાઈ, અશ્વિનભાઈ, સતીષભાઈ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદબોધન કરાયું હતું.

### વાવ નજીક હોટલમાં કામ કરતા યુવાને ફાંસો ખાધો

કામરેજ: મૂળ મધ્યપ્રદેશના બડા ઈટમાના વતની અને હાલ કામરેજના વાવની હદમાં મિશન રોડ પર આવેલા પ્રમુખ ઢોસા હોટલ પર ઢોસા બનાવવાનું કામ કરતો સંદીપ કૃષ્ણકુમાર સિંગ (ઉં.વ.21) મંગળવારે હોટલ પર કામ કરી રાત્રે 11.30 કલાકે હોટલની અંદર આવેલી રૂમમાં સંદીપ અને મોટો ભાઈ અરવેન્દ્ર તેમજ એક કારીગર મીથીલેશ વાતચીત કરી અરવેન્દ્ર રૂમની બહાર ઊંઘી ગયા હતા. સવારે 5 કલાકે ઊઠીને ભાઈને જગાડવા જતાં સંદીપ નહીં મળતાં તપાસ કરતાં હોટલની પાછળ આવેલી આમલીના ઝાડ સાથે ગમછો બાંધી ફાસો ખાઈ આપઘાત કરેલી લાશ મળી હતી. આ બનાવમાં પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ કરતાં સંદીપના ફોનમાં જોતાં આઈ મિસ યુ બડે ભૈયા, બટ મેં નહીં કરના ચાહતા, કૃપા કરો મેરી મજબૂરી હૈ ઔર યે કદમ મુજે જાન બુઝકર ઉઠાના પડા, મિસ યુ ભૈયા, સભી મેરે દોસ્તો કો ઔર મેરે મમ્મી પપ્પા કો લવ યુ. મેરે ઓલ દોસ્ત, આપ લોગ એન્જોય કરો, ફિર કભી મિલેંગે એવું લખાણ મળ્યું હતું. પરંતુ કયા કારણોથી સંદીપે આપઘાત કર્યો તે અંગે હાલ પોલીસ તપાસ કરી રહી છે.

### ઓચ્છણમાં મારામારી, ત્રણ સામે ફરિયાદ

ભરૂચ: વાગરા તાલુકાના ઓચ્છણ ગામે નજીવી મસ્તીએ મામલો મારામારી સુધી પહોંચી ગયો હચોય ગામના આરીફભાઈ પટેલ રાત્રે દુકાને ગયા હતા, જ્યાં પાડોશમાં રહેતા તુષાર ઉર્ફે ગુડ્ડુને રમૂજ કરતાં મામલો બિચક્યો હતો. આ બાબતની અદાવત રાખી વિશાલ વસાવા, રોહિત વસાવા અને વિકાસ વસાવાએ આરીફભાઈ પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ નાકના ભાગે ઢીકાપાટુનો માર મારી લોહીલુહાણ કરી દીધા હતા અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક વાગરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ મામલે વાગરા પોલીસે ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### દહેજની બિરલા કોપર કંપનીમાં 14 લાખની ઉચાપતનો 24 વર્ષે ભેદ ઉકેલાયો

ભરૂચ: ભરૂચના દહેજ સ્થિત બિરલા કોપર કંપનીમાં વર્ષ-2002માં થયેલી લાખોની ઉચાપતનો ફરાર આરોપી 24 વર્ષ બાદ પોલીસ સકંજામાં આવ્યો છે. આરોપી ડ્રાઈવર ચંદ્રપાલ ગુર્જર 11,289 કિલો કોપર (કિંમત રૂ.14.53 લાખ) ભરેલી ટ્રક લઈને અલ્હાબાદ જવા નીકળ્યો હતો, પરંતુ રસ્તામાં માલ સગેવગે કરી ફરાર થઈ ગયો હતો. ભરૂચ પોલીસે આ જૂના કેસની તપાસ તેજ કરી હતી. પોલીસને માહિતી મળી હતી કે આરોપી હાલ મહારાષ્ટ્રથી રાજસ્થાન તરફ ટ્રક લઈને જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રાજસ્થાનના લાલસોટ ખાતે વોચ ગોઠવી રીઢા ગુનેગારને દબોચી લીધો હતો.

### દેલાડમાં પંચમહાલના શ્રમિકનો આપઘાત

સાયણ: ઓલપાડના દેલાડ ગામની સીમમાં આવેલી શિવશક્તિ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પંચમહાલના શહેરાના ૨૫ વર્ષીય શ્રમિક સુરેશસિંહ વાઘાભાઇ બારીઆએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. સેન્ટિંગ કામ કરતા આ યુવકે ગત ૧૩મી તારીખે રાત્રિના સમયે અગમ્ય કારણોસર ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના બીજા માળે હૂક સાથે દોરડું બાંધી આપઘાત કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચની શિવકૃપા સોસાયટીમાં ચોરી

ભરૂચ: ભરૂચની શિવકૃપા સોસાયટીમાં તસ્કરોએ અંદાજે રૂ.2.20 લાખની મતાની ચોરી જતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. વૃંદાવન ઇન્ફ્રામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા સુનિલ ઝોરાવીયાના નિવાસસ્થાને ગત રાત્રે આ ઘટના બની હતી. પરિવાર ઉપરના માળે સૂતો હતો ત્યારે તસ્કરોએ નીચેના રૂમનો નકૂચો તોડી તિજોરીમાંથી સોનાના દાગીનાની ચોરી કરી હતી. સવારે જાગતા પરિવારને ચોરીની જાણ થઈ હતી. આ અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને પકડવા તપાસ તેજ કરી છે.

### કીમમાં મોપેડ સવાર ઉપર હુમલો

કીમ: ગત ૧૪ એપ્રિલે મધરાતે ઓલપાડના કીમ ગામમાં તપોવન ચાર રસ્તા પાસે કિશનભાઇ ભૂપતભાઇ ભરવાડ (ઉં.વ.30) પોતાની મોપેડ પર જઈ રહ્યા હતા. ત્યારે તેજસ ભરવાડ, જય ઉર્ફે જયલો ભરવાડ અને અન્ય બે અજાણ્યા ઇસમે બાઇક આડી ધરી તેમને આંતર્યા હતા. બાદ લાકડી અને લોખંડના પાઇપ વડે હુમલો કરતાં કિશનભાઇને પીઠના ભાગે ફ્રેક્ચર સહિતની ગંભીર ઇજા પહોંચી હતી. આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ મામલે કીમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં નવવિવાહીત યુવાનનું વાહન અડફેટે મોત, પરિવારમાં શોક

વ્યારા: ડોલવણના કરંજખેડ ગામના ૨૬ વર્ષીય યુવક અર્જુનભાઈ મહેન્દ્રભાઈ કોંકણીનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. ગત ૧૫ એપ્રિલના રોજ અર્જુનભાઈ પોતાની બાઇક નં.(GJ 26 -AF-0238) પર કેવડી ગામે બહેનના ઘરેથી પરત ફરી રહ્યાં હતાં. આ દરમિયાન બેસનીયા ગામની સીમમાં ધામડાવાળા નાળા પાસે કોઈ અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓ થતાં અર્જુનભાઈનું ઘટના સ્થળે જ મોત થયું હતું, જ્યારે ચાલક વાહન લઈને નાસી છૂટ્યો હતો. ગણતરીના દિવસો પહેલા જ લગ્નગ્રંથિથી જોડાયેલા યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ છે. પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.




# લીમધામાં તકસાધુ પક્ષોને ‘નો એન્ટ્રી’ પ્રચાર કરવા આવશો તો ખેર નથી!

**આંતરિક** જૂથબંધીમાં મસ્ત નેતાઓને જનતાએ અરીસો દેખાડ્યો, કામ નથી તો મતની આશા રાખશો નહીં

**ઉમેદવારો** સાથે ઘર્ષણ થવાની ભીતિ વચ્ચે પોલીસ બંદોબસ્તની માંગ

માંડવી: આગામી તારીખ ૨૬ એપ્રિલના રોજ યોજાનારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે સુરત જિલ્લાના માંડવી તાલુકાના અંતરિયાળ લીમધા ગામના ગ્રામજનોએ ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનું રણશિંગુ ફૂંક્યું છે. વર્ષોથી ગામમાં પાયાની સુવિધાઓનો અભાવ અને સત્તાધારી પક્ષના નેતાઓની આંતરિક ખેંચતાણથી ત્રસ્ત થયેલા ગ્રામજનોએ એકજૂટ થઈને મતદાનથી અળગા રહેવાનો આકરો નિર્ણય લીધો છે. આ અંગે માંડવી પ્રાંત અધિકારી-મામલતદાર અને ચૂંટણી અધિકારીને લેખિત આવેદનપત્ર પાઠવીને સ્થાનિક નેતાગીરી સામે ઉગ્ર રોષ ઠાલવવામાં આવ્યો છે.

તંત્રને અપાયેલા આવેદનપત્રમાં ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, લીમધા ગામ આજે પણ પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યું છે. ગામમાં પાકા રસ્તા, સ્મશાનગૃહ અને પ્રાથમિક શાળાની યોગ્ય માળખાકીય સુવિધાઓનો સદંતર અભાવ છે. આદિવાસી વિસ્તારો માટે મહત્ત્વના એવા એફ.આર.એ. (FRA) કાયદાનો કોઈ જ અમલ થતો નથી. આ ઉપરાંત, સરકારની અન્ય કલ્યાણકારી, રોજગારલક્ષી કે ખેતીલક્ષી યોજનાઓનો લાભ પણ ગામના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી શક્યો નથી. અવારનવાર સરકારના જવાબદાર નેતાઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના હોદ્દેદારોને આ સમસ્યાઓ અંગે રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. સત્તાધારી પક્ષના આગેવાનોને પણ તકલીફો જણાવી હોવા છતાં, તેઓની આંતરિક ખેંચતાણના કારણે ગામનો વિકાસ ખોરંભે ચડી ગયો છે.

ચૂંટણી બહિષ્કારના મક્કમ નિર્ધાર સાથે ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, હાલની ચૂંટણીમાં પ્રચાર માટે કે મત માંગવા કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારે ગામમાં પ્રવેશ કરવો નહીં. જો કોઈ ઉમેદવાર કે કાર્યકર બળજબરીપૂર્વક ગામમાં ઘૂસવાનો પ્રયાસ કરશે, તો ગ્રામજનો દ્વારા તેનો સખત પ્રતિકાર કરવામાં આવશે. ચૂંટણીના ગરમાયેલા માહોલ વચ્ચે રાજકીય પક્ષના ઉમેદવારો ગામમાં પ્રવેશ અને ગ્રામજનો સાથે કોઈ અઘટિત ઘટના કે ઘર્ષણ સર્જાય, તો તેને રોકવા માટે અગમચેતીના ભાગરૂપે ગામમાં પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા ગ્રામજનોએ નાયબ કલેક્ટર સમક્ષ માંગણી કરી છે. ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે લીમધા ગામના આ ખુલ્લા બળવાએ સ્થાનિક વહીવટી તંત્ર અને રાજકીય પક્ષોમાં દોડધામ મચાવી દીધી છે.

# જૂના જોગીઓ V/S યુવા જોશ: કડોદ-1 બેઠક પર ભાજપ સામે વિરોધી સૂર

**પક્ષે** ધ્વનિ ભાવસાર પર ભરોસો મૂક્યો, પણ ઘરના જ અસંતુષ્ટોએ અપક્ષનો હાથ પકડ્યો

બારડોલી: બારડોલી તાલુકા પંચાયતની ચૂંટણીના જંગમાં કડોદ ગામની બે બેઠકો પર રસાકસીભરી સ્થિતિ સર્જાઈ છે. કડોદ-2 બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે પોતાનું ફોર્મ પરત ખેંચી લેતાં ભાજપનો અહીં બિનહરીફ વિજય થયો છે. જો કે, આ ખુશીની વચ્ચે કડોદ-1 બેઠક પર પક્ષના જ આંતરિક વિખવાદે ભાજપ માટે કપરા ચઢાણ ઊભા કર્યા છે.

કડોદ-1 (સામાન્ય) બેઠક પર ભાજપે યુવા નેતા ધ્વનિ ભાવસારને મેદાનમાં ઉતાર્યા છે. આ પસંદગીથી પક્ષના જ કેટલાક ‘જૂના જોગીઓ’ નારાજ થયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટિકિટ ન મળતાં નારાજ થયેલા ભાજપના જ અસંતુષ્ટ નેતાઓએ ધ્વનિ ભાવસાર સામે એક અપક્ષ ઉમેદવારને મેદાનમાં ઉતાર્યો છે. આ ઉપરાંત કોંગ્રેસ ઉમેદવાર તો છે જ. આમ અહીં ત્રિપાંખિયો જંગ છે. ગામમાં થતી ચર્ચા મુજબ ઉમેદવારી પત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસ સુધી ભાજપ સંગઠન દ્વારા અપક્ષ ઉમેદવારને મનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાં નિષ્ફળતા મળી છે. પક્ષના જ જૂના કાર્યકરો અને નેતાઓના છૂપા ટેકાથી આ અપક્ષ ઉમેદવાર મેદાનમાં અડીખમ રહેતા હવે કડોદ ગામનું રાજકારણ ગરમાયું છે. આમ, એક તરફ કડોદ-2માં જીતનો ઉત્સાહ છે, તો બીજી તરફ કડોદ-1 માં પક્ષના જ નેતાઓ ભાજપના સત્તાવાર ઉમેદવાર માટે પડકારરૂપ સાબિત થાય તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે.

## સેંગપુરમાં દીપડો પાંજરે પુરાયો


સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના સેંગપુર ગામે કેશુભાઈની વાડી નજીક દીપડાએ દેખા દેતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. ખેતર વિસ્તારમાં કામ કરતા ખેડૂતો તેમજ પશુપાલકોમાં ખાસ કરીને ભયનો માહોલ સર્જાયો હતો. ગ્રામજનોએ તરત જ આ અંગે અંકલેશ્વર વનવિભાગને જાણ કરી હતી. વનવિભાગની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને દીપડાને ઝડપી લેવા માટે વાડી નજીક મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. સતત નજર રાખવામાં આવી રહી હતી. ત્યારે ગુરુવારે વહેલી સવારે દીપડો પાંજરામાં પુરાયો હોવાનું સામે આવ્યું હતું.

## માંડવી-અરેઠ તા.પં. માટે 34, જિ.પં.ની 5 સીટની ચૂંટણી થશે


હિતેશ પટેલ

માંડવી: માંડવી-અરેઠ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. તાલુકા અને જિલ્લા પંચાયતની કુલ 39 બેઠક માટે 119 ઉમેદવાર મેદાનમાં છે, જેના કારણે અનેક સ્થળોએ કડક ટક્કર જોવા મળશે.

માંડવી તાલુકા પંચાયતની કુલ 18 બેઠક માટે 56 ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. સરેરાશ દરેક બેઠક પર ત્રણથી વધુ ઉમેદવારો હોવાથી, અહીં ત્રિપાંખિયો જંગ ખેલાવાની શક્યતા છે. બીજી તરફ, અરેઠ તાલુકા પંચાયતની 16 બેઠકો પર 48 ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જામશે. અહીં પણ પ્રતિ બેઠક સરેરાશ ત્રણ ઉમેદવારો હોવાને કારણે સ્પર્ધા અત્યંત કટોકટીભરી બનવાની સંભાવના છે. આ ઉપરાંત, જિલ્લા પંચાયતની 5 બેઠક માટે કુલ 15 ઉમેદવાર મેદાનમાં છે. ગ્રામ્ય મતદારોનો ઝુકાવ કયા પક્ષ તરફ રહે છે તે પરિણામ માટે અત્યંત મહldldbપૂર્ણ સાબિત થશે. હવે ઉમેદવારો દ્વારા ડોર-ટુ-ડોર સંપર્ક, જાહેર સભાઓ અને સ્થાનિક મુદ્દાઓના આધારે મતદારોને આકર્ષવાના પ્રયાસો તેજ બનશે, જેના કારણે આગામી દિવસોમાં ગામડાંમાં રાજકીય ચહલપહલ વધશે.

# અન્યાય: વ્યારા સુગરે બે માસની મજૂરી ન ચૂકવતાં મજૂરોમાં રોષ

**શેરડી** કાપણી કરતા કામદારોને મહેનતાણું ન ચૂકવતાં સુગરના વહીવટ સામે સવાલ



વ્યારા: તાપી જિલ્લાની એકમાત્ર વ્યારા સુગર ફેક્ટરી ફરી એક વખત વિવાદમાં સપડાઈ છે. બે બે મહિના સુધી સુગર ફેક્ટરી ચલાવવા માટે શેરડી કાપણી કરતા મજૂરોને વ્યારા સુગર દ્વારા બે-બે મહિનાનો પગાર નહીં ચૂકવાતાં મજૂરોની હાલત કફોડી બની છે. આ ઉપરાંત સુરતની મહુવા સુગર દ્વારા પણ બે મહિનાનો પગાર કામદારોને ચૂકવ્યો ન હોવાનો કામદારો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. વારંવાર પૈસાની માંગણી કરવા છતાં સુગર દ્વારા પગાર મુદ્દે કામદારોને માત્ર વાયદા જ કરવામાં આવતાં રોષે ભરાયેલા કામદારોએ છેલ્લા બે દિવસથી રાત-દિવસ ધોમધખતા તાપમાં સુગર ફેક્ટરીની ઓફિસ બહાર અડિંગો જમાવી દીધો હતો. ઉપરાંત શેરડીનું વાહન કરનાર ટ્રક ચાલકોનું પણ ભાડું બાકી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેમજ સુગરના ભરતી સુપર વાઈઝરે ૧ કરોડથી વધુની રકમ ઉપાડી લીધી હોવાનો આક્ષેપ કામદારોએ કર્યો હતો. તા.15-4-2026ના રોજ દિવસ દરમિયાન વ્યારા સુગરના MD અને કામદારો વચ્ચે પગાર મુદ્દે ભારે રકઝક પણ થઈ હતી. તેમ છતાં કામદારોને મહેનતાણું ચૂકવવા માટે કોઈ નિરાકરણ લાવવામાં ન આવતાં ગઈકાલે સતત બીજા દિવસે કામદારોએ વ્યારા સુગર પર અડિંગો જમાવી રાખ્યો હતો. વારંવાર પગાર માટે ધક્કા ખાવાની નોબત આવતાં કામદારોમાં સુગરના વહીવટ કરનારા સામે રોષ ફેલાયો છે.